૧ (૦૭૯)

# નિરીક્ષક,સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી

૨૩૨૫૩૯૦૮ (નિરીક્ષક)
૨૩૨૫૪૭૯૩ (સંયુકત નિરીક્ષક)
૨૩૨૫૩૯૦૭ (નાયબ નિરીક્ષક)
૨૩૨૫૪૬૬૪ ( સહાયક નિરીક્ષક)
૨૩૨૫૪૬૨૦ (નિરીક્ષકશ્રીના અંગત મદદનીશ)
૨૩૨૫૭૭૫૪ (ફેકસ)

ગુજરાત રાજય,
ડૉ.જીવરાજ મહેતા ભવન સંકુલ,
બ્લોક નં–૧૭, બીજો માળ,
ગાંધીનગર–૩૮૨૦૧૦.
e-mail : exm-dat@Gujarat gov.in

નં.એલ.એચ.કયુ./વહટ–૧/તાલીમ/૨૦૧૨/૨૯૮૩ તારીખ : ૩ –૧૦–૨૦૧૨

<u>પરિપત્ર નં. : ૧૧ /૨૦૧૨</u>

વિષય:– સ્થાનિક ભંડોળ હિસાબ વિભાગ હેઠળની જિલ્લા કચેરીઓમાં સીધી ભરતીથી નિમાયેલ ગૃપ–૧, ગૃપ–૨ અને ગૃપ–૩ ના કર્મચારીઓને ઓડિટની પ્રત્યક્ષ તાલીમ આપવા બાબત.

---

ખાતામાં સીધી ભરતીથી નિમાતાં ગૃપ–૧, ગૃપ–૨ ના કર્મચારીઓને ખાતા દ્વારા પ્રથમ સંસ્થાકીય તેમજ પ્રત્યક્ષ તાલીમ આપ્યા પછી નિમણૂંક આપવામાં આવતી હતી. પરંતુ સપ્ટેમ્બર–ઓકટોબર–૨૦૧૨ દરમ્યાન ખાતામાં સીધી ભરતીથી નિમાયેલા ગૃપ–૧, ગૃપ–૨ અને ગૃપ–૩ ના કર્મચારીઓને પ્રથમ તાલીમ આપ્યા સિવાય સીધા જિલ્લા કક્ષાએ મૂળ જગ્યા પર નિમણૂંકના આદેશો થયેલ છે. સ્થાનિક ભંડોળ હિસાબ ઓડિટની કામગીરી એ એક તાંત્રિક અને ખાસ પ્રકારની કામગીરી છે. તેથી ઓડિટની કામગીરી કરવા માટે ઓડિટર સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોથી જાણકાર હોવા જોઈએ. તે હેતુથી ઓડિટરને પ્રત્યક્ષ તાલીમ આપવી જરૂરી છે.

ઉપરોકત હકીકત ધ્યાને લઈ પુખ્ત વિચારણાને અંતે આથી તમામ જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓને નીચે પ્રમાણે સૂચના આપવામાં આવે છે.

(૧) સીધી ભરતીથી નિમાયેલા ગૃપ–૧, ગૃપ–૨ અને ગૃપ–૩ ના કર્મચારીઓને ૨ (બે) અઠવાડિયાની પ્રત્યક્ષ તાલીમ આપવાની રહેશે. પ્રત્યક્ષ તાલીમ દરમ્યાન આ કર્મચારીઓના માનવ દિવસ ઉપલબ્ધ માનવ દિવસ સામે, તાલીમના હેતુ તરીકે ગણતરીમાં લેવાના રહેશે.

(૨) પ્રત્યક્ષ તાલીમનું આયોજન કરતી વખતે સામાન્ય રીતે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ જેવી કે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત, મહાનગર પાલિકા અને નગરપાલિકાને આવરી લઈ આયોજન કરવાનું રહેશે.

(૩) પ્રત્યક્ષ તાલીમનું આયોજન કરતી વખતે જે સંસ્થાનું ઓડિટ ચાલતુ હોય તે સંસ્થાની ઓડિટ ટીમ સાથે નવા નિમાયેલ ઓડિટરોને પ્રત્યક્ષ તાલીમ માટે મૂકવાના રહેશે.

(૪) જો કોઈ સંસ્થાનું ઓડિટ ચાલુ ન હોય તો તેવી સંસ્થાના સહાયક નિરીક્ષકશ્રી/જુનિયર સહાયક નિરીક્ષકશ્રીએ સાથે જઈ સંસ્થાનું ઓરીજીનલ રેકર્ડ બતાવી તાલીમ અંગેની સમજ આપવાની રહેશે.

ઉપરોકત સૂચનાઓનો અમલ કરવા સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીને જણાવવામાં આવે છે.

નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબ
ગુ.રા., ગાંધીનગર

નકલ રવાના પ્રતિ :

(૧) વિભાગીય નાયબ નિરીક્ષકશ્રી, જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીની કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/ રાજકોટ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

(૨) જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, .................................... (તમામ) તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

(૩) સિલેકટ ફાઈલ